# રજા આપો હવે દાદા

રજા આપો હવે દાદા, તમારા ચરણોમાં રહેવા (૨)
સ્વીકારો દાસની સેવા, સ્વીકારો દાસની સેવા...

કર્યા કામણ તમે એવા, અમે તારા બની બેઠા,
તમારી પ્રીતમાં પાગલ, અમે ઘેલા બની બેઠા,
તમે આધાર થઈ બેઠા (૨) અમે લાચાર થઈ બેઠા,
સ્વીકારો દાસની સેવા, સ્વીકારો દાસની સેવા...

અમારી આશને સ્વામી, તમે નીરાશ ના કરશો,
તમે સિંધુ, અમે બિંદુ, જુદાઈ ના હવે કરશો,
તમે મોક્ષે જઈ બેઠા (૨) અમે સંસાર લઈ બેઠા
સ્વીકારો દાસની સેવા, સ્વીકારો દાસની સેવા...

તમે પ્યારા, તમે પ્રીતમ, તમે વહાલા, તમે મારા,
તમે છો પૂર્ણ પરમાતમ, તમારો અંશ અમ આતમ,
સદા હો આપણો સંગમ (૨) હવે ના રાખવી દૂરી,
સ્વીકારો દાસની સેવા, સ્વીકારો દાસની સેવા...

તમે સરિતા તણી લહેરો, તમે સાગર ઘણો ગહેરો,
તમારી સ્મિતના પુષ્પો, અને ઝાંકળ ભીનો ચહેરો,
તમારા મુખને જોયું (૨) હવે ફરિયાદ થઈ પૂરી,
સ્વીકારો દાસની સેવા, સ્વીકારો દાસની સેવા...

હૃદયમાં તું, વચનમાં તું, વિચારોમાં પ્રભુ વસજે,
નયનમાં તું, શ્રવણમાં તું, રગેરગમાં પ્રભુ રમજે,
અમારા રાહ જુદા ને (૨) છતાં આ દર્દ કાં થાતું?
સ્વીકારો દાસની સેવા, સ્વીકારો દાસની સેવા...

ભવોભવ આપનું શરણું, સદા મળજો પ્રભુ અમને,
તમારી ભક્તિથી મુક્તિ, જરૂર મળશે પ્રભુ અમને,
હવે તો મુક્તિની મંઝિલ (૨) પ્રભુ! અમને ગમી ગઈ
સ્વીકારો દાસની સેવા, સ્વીકારો દાસની સેવા...

સ્મરણ તારું હંમેશા દે, મરણ ટાણે સમાધિ દે,
રહે નિર્લેપતા સુખમાં, અને દુઃખમાં દિલાસો દે,
ફક્ત જો આટલું આપો (૨) થાયે માંગણી પૂરી,
સ્વીકારો દાસની સેવા, સ્વીકારો દાસની સેવા...

અમારી આજની ભક્તિ, પ્રભુ! પૂરી થઈ ગઈ,
વિષય ને વાસનાની આગ, પ્રભુ! થોડી શમી ગઈ,
જવાનું મન નથી થાતું (૨) અમારી આ જ મજબૂરી
સ્વીકારો દાસની સેવા, સ્વીકારો દાસની સેવા...

રજા આપો હવે દાદા, તમારા ચરણોમાં રહેવા (૨)
સ્વીકારો દાસની સેવા, સ્વીકારો દાસની સેવા...

2016-04-07 -